**માધવપુરા બેન્ક પાસેથી નાણાં વસુલવા બેન્ક ઓફ ઈન્ડીયા સામે દાખલ કરેલ મુંબઈ હાઈકોર્ટમાં ચાલતા કેસમાં રાજયની સહકારી બેન્કોના હિતમાં પીટીશનમાં પક્ષકાર થવા મુંબઈ હાઈકોર્ટ ખાતે ઈન્ટરવેન્શન એપ્લીકેશન કરવાનો નિર્ણય.**

માધવપુરા બેન્ક હાલ ફડચામાં છે. રાજયની ૧૭૧ બેન્કોના અંદાજે ૩૪૨ કરોડ તથા ફડચા હેઠળની ૭૦થી વધુ બેન્કોના રૂા.૧૫૦ કરોડ જેટલી ડીપોઝીટ માધવપુરા બેન્કમાં ફસાયેલ છે. મલ્ટી સ્ટેટ કો-ઓપ. એકટ હેઠળ કેન્દ્ર સરકારે નિવૃત્ત IAS અધિકારી શ્રી ચમનકુમારની બેન્કના લીકવીડેટર તરીકે નિમણુંક કરી છે. શ્રી ચમનકુમાર સાથે એકથી વધુ વખત ફેડરેશનના CEO એ ગુજરાતની બેન્કોના માધવપુરા બેન્કમાં ફસાયેલ નાણાં પરત મેળવવા રજુઆત કરી છે. જેના અનુસંધાનમાં જાણવા મળ્યું છે કે માધવપુરા બેન્કે બોમ્બે હાઈકોર્ટમાં બેન્ક ઓફ ઈન્ડીયાએ DRT મુંબઈ સમક્ષ બેન્ક વિરૂધ્ધ કન્ટેમ્પ્ટ પીટીશન દાખલ કરી છે તેના વિરૂધ્ધ માધવપુરા બેન્કે સ્પેશયલ C.A.No.૫૯૮/૨૦૧૪ દાખલ કરી છે. આ મેટરમાં બેન્ક ઓફ ઈન્ડીયાએ માધવપુરા બેન્કમાંથી રૂા.૧૪૦ કરોડ DRT મુંબઈના હુકમથી પરત મેળવા હુકમ મેળવેલ છે તેની સામે છે. આ સંજોગોમાં ફેડરેશન તરીકે રાજયની ૨૩૦ બેન્કોના હિતમાં બોમ્બે હાઈકોર્ટમાં ચાલતી મેટરમાં ફેડરેશન ઈન્ટરવેન્શન એપ્લીકેશન દાખલ કરી જોડાય તે જરૂરી છે. જેથી ફડચા આધિકારી પ્રાયોરીટી નક્કી કરે ત્યારે આપણી બેન્કોને જાહેર પ્રજાના નાણા જે ડીપોઝીટ સ્વરૂપે માધવપુરા બેન્કમાં છેલ્લા ૧૩ વર્ષથી ફસાયા છે તે પ્રાપ્ત થઈ શકે.